NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2024

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER II

Time: 2 hours 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 8 pages. Please check that your question paper is complete.
2. There are four sections in this question paper. Each section has two questions. Every question counts 35 marks. Only TWO questions must be answered from the entire paper. You may not answer both questions from one section.
3. Read the questions carefully.
4. Number your answers exactly as the questions are numbered.
5. It is in your own interest to write legibly and to present your work neatly.

---

IEB Copyright © 2024

**આપેલા આઠ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોનાં જવાબ લખો.**

**અહીં ફરજિયાત રૂપે એક લાંબો પ્રશ્ન અને એક ટૂંકો પ્રશ્ન પસંદ કરવાનો રહેશે.**

**પ્રશ્ન–૧.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો (કોઈપણ સાત)**

૧.૧.૧ ભેટના સ્વીકાર અસ્વીકાર અંગે કસ્તૂરબાના વલણના કારણો ક્યા હતાં ? (3)

૧.૧.૨ છેવટે ગાધીજીએ ભેટ સંદર્ભે કયો નિર્ણય લીધો ? (3)

૧.૧.૩ વેપારીએ હિંદના પંખીને શું પૂછ્યું ? (3)

૧.૧.૪ મઠના વડાની દ્રષ્ટિએ તાઓની ભેટ શા માટે ચડિયાતી હતી ? (3)

૧.૧.૫ બૌદ્ધ ભિક્ષુએ શા માટે તાઓની ભેટનો અસ્વીકાર કર્યો ? (3)

૧.૧.૬ મઠના વડાએ બધા શિષ્યોને ભેગા કરી શું સવાલ પૂછયો ? (3)

૧.૧.૭ પર્યટનમા જવા માટે દરેક જણે બે રૂપિયા આપવાના છે, એવી વાત સાંભળી આનંદી શા માટે નિરાશ થઇ ગઇ ? (3)

૧.૧.૮ આનંદી એની માતાને કુટુંબના ભરણ પોષણમાં કેવી રીતે મદદ કરતી ? (3)

૧.૧.૯ લેડી ડોક્ટરે આનંદીને શા માટે ઇનામ આપ્યું ? (3)
**[21]**

**પ્રશ્ન– ૧.૨ વ્યાકરણ**

**૧.૨.૧ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો. (કોઈપણબે)**

અ. સ્વીકાર

બ. અસ્થિર

ક. ઉપર (2)

IEB Copyright © 2024

**૧.૨.૨ નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો. (કોઈપણ બે)**

અ. દિલ

બ. ભગવાન

ક. સંદેશો (2)

**૧.૨.૩ નીચે આપેલા શબ્દો માટે એક શબ્દ લખો. (કોઈપણ બે)**

અ. ગાદી તકિયાની ખોળ

બ. ભક્તિ ભાવ સાથે

ક. ઉત્તર વિનાનું (2)

**૧.૨.૪ નીચેના શબ્દોની લિંગ બદલો. (કોઈપણ બે)**

અ. સાધુ

બ. બાળક

ક. પતિ (2)

**૧.૨.૫ નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો.**
**(આપેલ રૂઢિપ્રયોગનો બંધબેસતો અર્થ શોધો)**

| અ | બ |
|---|---|
| અ. ખપ ન હોવો | અ. ઉપયોગ કે જરૂરિયાત ન હોવીં |
| બ. રમત વાત હોવી | બ. હોકીની રમત રમવીં |
| | ક. સહેલું હોવું |

(3)

**૧.૨.૬ નીચે આપેલા શબ્દોનું યોગ્ય વચનનું રૂપ લખો.**

અ. પાંખો બ. આગગાડીં ક. ભિક્ષુકો (3)

**[14]**

**[35]**

**અથવા**

પ્રશ્ન– ૨ આનંદીની પ્રામાણિક્તા વિશે વિસ્તારથી નોંધ તમારા શબ્દોમા લખો.

**[35]**

અથવા

પ્રશ્ન– ૩

૩.૧ "પારખું" નાટિકામાં અનિરુદ્ધ અને ડો. વચ્ચેનો સંબંધ કેવો છે તે જણાવો (5)

૩.૨ આ નાટિકામાં આવેલ ડો.નું પાત્રાલેખન કરો. (5)

૩.૩ આ નાટિકામાં મનમોહનદાસ કોણ છે અને એની હાજરીમાં ડો.ન બોલવાની કઇ ખોટી વાતો બોલી જાય છે ? (5)

૩.૪ નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

૩.૪.૧ ફેર પડવો

૩.૪.૨ ટૂંકે પતાવવું (6)

૩.૫ નીચે આપેલા વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે જણાવો.

૩.૫.૧ પેલા પેસ્તનશા શેઠને ત્યાં કહેવડાવી દો કે અત્યારે મારાથી નહીં જ આવી શકાય. (3)

૩.૫.૨ ઇન્કમટેક્સ, સુપરટેક્સ હું તો અહીંનો સરચાર્જ કલેકટર છું. (3)

૩.૬ નીચે આપેલા શબ્દોનાં વિરોધી શબ્દો લખો.

દોસ્ત ખુલ્લું શાંતિ (3)

૩.૭ નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.

મિત્ર બદન (2)

IEB Copyright © 2024

૩.૮ નીચે આપેલા વાક્યો સાચાં છે કે ખોટાં તે જણાવો.

અ. પારખું કરવા આવેલ સસરાને ડો. એક તમાચો મારે છે.

બ. મનમોહનદાસ સરચાર્જ ટેક્સ ઊઘરાવનાર હોય છે.

ક. ડંડો. પોતાની સાચી હકીકત નરરત્ન મણિરાવને જણાવે છે. (3)

**[35]**

અથવા

**પ્રશ્ન– ૪ "પારખું" નાટિકામાંથી આપ શું શીખ્યા એ વાત વિસ્તારથી સમજાવો.**

**[35]**

અથવા

**પ્રશ્ન–૫ નીચે આપેલી કવિતાઓમાંથી કોઇપણ ત્રણ કવિતાને તમારા શબ્દોમા સમજાવો.**

અ. મનની આંખો ગુમ કરીને ઈશ્વર જોવા બેઠો ;
પુષ્પ પાંખડી ફેંકી તો પણ ઈશ્વર ના લલચાયો,
મન મંદિરમાં માયા મોતી, રહ્યો સદા તું ગણતો,
ઈશ્વર તારા દ્વારે બેઠો, કહેતો દ્વાર ઉઘાડ. (12)

બ. દુ:ખનો જવાબ લઇને, ભૂખનો જવાબ લઇને
પરતંત્રતા તિમિરમાં એક આફતાબ લઇને
આઝાદી નાદ લઇને, લઇને નવીન આશા,
આવ્યો ત્રિરંગી ઝંડો એક
ઈન્કિલાબ લઇને. (12)

ક. તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમ્મે તે જાત
તેની તેની છે ગુજરાત
વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટા કર્યા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માત તણું જે ભાઇ કર્યા
તેની તેની છે ગુજરાત. (11)

અથવા

IEB Copyright © 2024 

ડ. આ ફૂલડાંની ફોરમો મ્હેંકે કેવી !
પેલા સુધાંશુ હૈયે જાણે આનંદ હેલી !
મળવા આવો વાલમજી એકવારે !
મારી વસંતપૂરમાં ખીલી અહીં !
ના આવશો તો મરશે ઝૂરી ઝૂરી !
મળવા આવો વાલમજી એકવારે ! (11)

**[35]**

અથવા

**પ્રશ્ન– ૬ નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો. (કોઈ પણ સાત)**

૬.૧ પ્રશ્ન ૫–અ માં કવિ: ઇશ્વર દ્વાર પર બેઠો છે. દ્વાર ઉઘાડ. એમ શા માટે કહે છે ? (5)

૬.૨ પ્રશ્ન ૫–બ માં ત્રિરંગી ઝંડા વિશે કવિ શું શું કહે છે ? (5)

૬.૩ પ્રશ્ન ૫–ક કવિ ગુજરાત કોની કોની છે એમ કહે છે ? (5)

૬.૪ પ્રશ્ન ૫–ડ માં કવિ વાલમજીને એકવાર મળવા આવો એમ. શા માટે કહે છે ? (5)

૬.૫ આ ફૂલડાંની ફોરમો મ્હેંકે કેવી !
પેલા સુધાંશુ હૈયે જાણે આનંદ હેલી !
તમારા શબ્દોમાં સમજાવો. (5)

૬.૬ નીચેની પંકિત તમારા શબ્દોમાં સમજાવો.

આંખેથી કાજળ એ ગાલે જઇ બેઠું
કાનકુંવર શું ઓછા હતા કાળા?
બંધ છોડ જશોદાને કહો રે . (5)

IEB Copyright © 2024

૬.૭ નીચેની સુભાષિત તમારા શબ્દોમાં સમજાવો.

ધન રૂપ કીરત સાંપડે, પણ વિદ્યા મહામૂલ;
જેને ન વિદ્યા સાંપડે, તેનું જીવતર ધૂળ. (5)

૬.૮ માંગ્યા પ્રમાણે જવાબ લખો.

અ. સમાનાર્થી લખો. સુધાંશુ, આઝાદી, ભૂમિ
બ. 'ગુજરાત કોની' કવિતાના કવિ.........છે.
ક. 'એકવારે' કવિતાના કવિ...........છે. (5)

**[35]**

**અથવા**

**પ્રશ્ન–૭** 'પેડમેન' ફિલ્મમાં નાયકને કેવા કેવા પ્રશ્નો આવે છે અને એ કેવી રીતે એમાંથી બહાર આવે છે તે વિશે તમારા શબ્દોમાં વાર્તારૂપ લખો.

**[35]**

**અથવા**

## પ્રશ્ન–૮ ( પેડમેન ફિલ્મ )

૮.૧ પેડમેન ફિલ્મમાં મુખ્ય નાયકનો અભિનય તમારી દ્રષ્ટિએ કેવો હતો ? (7)

૮.૨ પેડમેન ફિલ્મમાં નાયકને જે પ્રશ્નો આવે છે એ વિશે તમારે શું કહેવું છે ? (6)

૮.3 અંતે કલાકારને જે સફળતા મળે છે તેનું શું કારણ છે ? (6)

૮.૪ નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં એ જણાવો.

અ. આ ફિલ્મમાં કલાકારને બહુ સરળતાથી સફળતા મળે છે.
બ. સેનીટરી પેડ બનાવવાનો વિચાર અભિનેતાને પોતાના જીવનસાથીની તકલીફ જોઇને આવે છે. (6)

૮.૫ આ ફિલ્મમાં મખ્ય નાયક અને નાયકિાનો અભિનય તમને પોતાને શું સંદેશો આપે છે ? (6)

૮.૬ **નીચે આપેલા વાક્યોમાંથી વિશેષણ શોધી લખો.**

અ. આ ફિલ્મની વાર્તામાં અભિનેતાને સહેલાઇથી સફળતા મળતી નથી.

બ. આ ફિલ્મને મુવી ઈન્ડસ્ટ્રીઝમાં ખૂબ લોકપ્રિયતા મળી છે. (4)

**[35]**

**Total: 70 marks**